# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

*************************************************

1. **આસામને વિકાસ કાર્યોની ભેંટ આપતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સરકાર આસામને ગ્રોથ એન્જિન બનાવવા કાર્યરત**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નાગરિકોને પોતાની માતૃભાષાને સન્માન આપવાની સાથે સાથે હિન્દીનો વધુ ઉપયોગ કરવા હાકલ કરી**
3. **હિન્દી દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓ શુભેચ્છા પાઠવતા કહ્યું કે હિન્દી દેશવાસીઓની ઓળખ**
4. **અમર્યાદિત રીતે વધી રહેલા સ્થળાંતરના વિરોધમાં લંડનમાં હજારો લોકો રસ્તા ઉપર ઉતરતા પોલીસ સાથે ઘર્ષણ**
5. **એશિયા કપ ક્રિકેટમાં આજે દુબઇ ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે**

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# DAY PM-ASSAM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામમાં **6** હજાર **300** કરોડ રૂપિયાથી વધુના મુખ્ય માળખાગત સુવિધાઓ અને ઔદ્યોગિક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે દરાંગ જિલ્લાના મંગલદોઈ ખાતે લોકોને સંબોધન કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારત વિશ્વનો સૌથી ઝડપથી વિકાસ કરતો દેશ છે અને આસામ દેશના સૌથી ઝડપથી વિકાસ કરતાં રાજ્યોમાંનું એક બની ગયું છે. શ્રી મોદીએ કહ્યું કે, દેશ વિકસિત ભારત બનાવવા માટે એક થઈને આગળ વધી રહ્યો છે અને આ સંકલ્પને પ્રાપ્ત કરવામાં ઉત્તર પૂર્વની ખૂબ મોટી ભૂમિકા છે.

**(બાઇટ - PM, ASSAM DEVELOPMENT)**

પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેમની સરકાર ઉત્તર પૂર્વમાં કનેક્ટિવિટી પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે કારણ કે કોઈપણ ક્ષેત્રના ઝડપી વિકાસ માટે ઝડપી કનેક્ટિવિટી ખૂબ જ મહત્વપૂર્ણ છે. શ્રી મોદીએ લોકોને વોકલ ફોર લોકલના બ્રાન્ડ એમ્બેસેડર બનવા અને સ્વદેશી ઉત્પાદનો પર ગર્વ લેવા પણ વિનંતી કરી.

**(બાઇટ - PM, Connectivity)**

આ પ્રસંગે શહેરી ગતિશીલતા વધારવા, ટ્રાફિક ઘટાડવા અને રાજધાની શહેરમાં અને તેની આસપાસ કનેક્ટિવિટી સુધારવા માટે ગુવાહાટી રિંગ રોડ પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરવામાં આવ્યો. આ

ઉપરાંત, બ્રહ્મપુત્ર નદી પર કુરુવા-નારંગી પુલનો શિલાન્યાસ કરવામાં આવ્યો જે કનેક્ટિવિટી સુધારશે અને પ્રદેશમાં સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન આપશે.

બાદમાં પ્રધાનમંત્રી આસામમાં 9 હજાર 230 કરોડ રૂપિયાથી વધુના માળખાગત સુવિધાઓ અને ઔદ્યોગિક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## AMIT SHAH GANDHINAGAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નાગરિકોને પોતાની માતૃભાષાને સન્માન આપવાની સાથે સાથે હિન્દીને સહયોગ આપવા હાકલ કરી છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે હિન્દી દિવસ તેમજ પાંચમાં અખિલ ભારતીય રાજભાષા સંમેલનને ખૂલ્લું મૂકતા, તેમણે સમય સાથે હિન્દીને વધુ લચિલી બનાવવા પર અને હિન્દી અને પ્રાદેશિક ભાષાઓના સહ-અસ્તિત્વ પર ભાર મૂક્યો હતો.

(બાઈટ – અમિત શાહ)

તેમણે કહ્યું, હિન્દીને વધુમાં લોકપ્રિય બનાવવા કેન્દ્ર સરકારે સારથિ મંચ અને હિન્દી શબ્દ સિંધુ કોષ જેવી સફળ પહેલ કરી છે. તેમણે હિન્દી માત્ર બોલચાલની ભાષા ન રહેતા તે વિજ્ઞાન તકનીક, ન્યાય અને પોલીસ વ્યવસ્થાની પણ ભાષા હોવી જોઈએ તેમ ભારપૂર્વક જણાવ્યું હતું.

આ પ્રસંગે તેમણે વર્ષ **2029** સુધી હિન્દી શબ્દ સિંધુ વિશ્વનો સૌથી મોટો શબ્દકોષ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. હિન્દીના સહ-અસ્તિત્વ સાથે સ્થાનિક ભાષાના વિકાસમાં ગુજરાતે દુનિયા સમક્ષ સફળ ઉદાહરણ પૂરું પાડ્યું હોવાનું પણ કહ્યું હતું. માતૃભાષાનું મહત્વનો પુનરોચ્ચાર કરતા શ્રી શાહે વાલીઓને ઘરમાં માતૃભાષાના ઉપયોગ અંગે અનુરોધ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, હિન્દી અને પ્રાદેશિક ભાષાઓ વચ્ચે સમરસતા વધારવાના હેતુથી યોજાઈ રહેલા આ સંમેલનમાં કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં આશરે **7000** થી વધવા અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## HINDI DIWAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હિન્દી દિવસ પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, હિન્દી ફક્ત સંદેશાવ્યવહારનું માધ્યમ નથી, પરંતુ દેશની ઓળખ અને મૂલ્યોનો જીવંત વારસો છે. તેમણે કહ્યું કે વિશ્વ મંચ પર હિન્દી પ્રત્યે વધતો આદર રાષ્ટ્ર માટે ગર્વ અને પ્રેરણાનો વિષય છે. શ્રી મોદીએ લોકોને હિન્દી સહિત તમામ ભારતીય ભાષાઓને સમૃદ્ધ બનાવવા અને તેમને ભવિષ્યની પેઢીઓ સુધી પહોંચાડવાનો સંકલ્પ લેવા અપીલ કરી છે.

ગૃહમંત્રી અમિત શાહે પણ હિન્દી દિવસ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું કે હિન્દી, દેશની ભાષાઓ અને બોલીઓ વચ્ચે સેતુનું કામ કરે છે.

**(બાઇટ - અમિત શાહ)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GST HEALTH INSURNCE

આ સ્વતંત્રતા દિવસે, લાલ કિલ્લાની પ્રાચીર પરથી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ GST સુધારાઓની જાહેરાત કરી હતી. તેમનું વિઝન આ મહિનાની 3 તારીખે સાકાર થયું, જ્યારે GST કાઉન્સિલે નાગરિકોના જીવનને સરળ બનાવવા

માટે ઘણા ક્ષેત્રોમાં કર દર ઘટાડ્યા. આજે, આપણે આરોગ્ય ક્ષેત્ર માટેના સુધારાઓ પર એક નજર નાખીએ છીએ.

## VC – HARSHAL PANDYA

હવે તમામ આરોગ્ય વીમા પ્રીમિયમ, જે તાજેતરમાં 18 ટકા GST હતા તે આ મહિનાની 22 તારીખથી કરમુક્ત થશે.. હવે વીમાધારકે મૂળ પ્રીમિયમ જ ચૂકવવાનું રહેશે.આ સુધારો ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો અને નિવૃત્ત લોકો માટે ફાયદાકારક રહેશે, જેઓ ઘણીવાર ઊંચા પ્રીમિયમને કારણે આરોગ્ય વીમો લેવામાં ખચકાટ અનુભવે છે. આ સુધારા અંગે

મીડિયા સાથે વાત કરતા, બેંગલુરુના રહેવાસી હેમંત રાય સિંઘાણીએ જણાવ્યું હતું કે તાજેતરમાં જાહેર કરાયેલા GST સુધારા હેઠળ ટેક્સ સ્લેબના સરળીકરણથી સામાન્ય નાગરિકોને ફાયદો થશે.

કર ઘટાડાથી મધ્યમ વર્ગના પરિવારો માટે પ્રીમિયમ સસ્તું થવાની અપેક્ષા છે અને આરોગ્ય વીમાનો વ્યાપ વધશે.. જેનાથી ખિસ્સામાંથી થતા તબીબી ખર્ચમાં ઘટાડો થશે.

હર્ષલ પંડ્યા આકાશવાણી સમાચાર અમદાવાદ

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ANTI-IMMIGRATION MARCH-LONDON

ગઈકાલે બ્રિટિશ રાજધાની લંડનમાં એક લાખથી વધુ લોકોએ મોટી સંખ્યામાં સ્થળાંતર કરનારાઓની સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ

દરમિયાન, પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે થયેલી અથડામણમાં 26 અધિકારીઓ ઘાયલ થયા હતા. પ્રદર્શન દરમિયાન પોલીસ અધિકારીઓ પર હુમલો કરવા બદલ 25 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

આ પ્રદર્શનનું આયોજન રાજકીય કાર્યકર્તા ટોમી રોબિન્સન દ્વારા કરવામાં આવ્યું હતું. અમેરિકન ઉદ્યોગપતિ એલોન મસ્કે પણ વિડીયો લિંક દ્વારા રેલીને સંબોધન કર્યું હતું. તેમણે અનિયંત્રિત સ્થળાંતરની ટીકા કરી હતી અને કહ્યું કે, બ્રિટનમાં સરકાર બદલવાની જરૂર છે.

અનિયંત્રિત સ્થળાંતર સામે આયોજિત પ્રદર્શન સામે પણ પ્રદર્શનો થયા હતા. તેને ડાબેરી નેતાઓ જોન મેકડોનેલ અને ડાયને અબોટ દ્વારા સંબોધિત કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CRICKET-ASIA CUP

T-20 એશિયા કપ ક્રિકેટના ગ્રુપ-A મેચમાં ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે થશે. આ મેચ દુબઈમાં રાત્રે 8 વાગ્યાથી રમાશે. આ વર્ષે ફેબ્રુઆરી બાદ બંને ટીમો પહેલી વાર એકબીજા સામે ટકરાશે.

આ દરમિયાન શ્રીલંકાએ ગઈકાલે રાત્રે અબુધાબીમાં ગ્રુપ-B મેચમાં બાંગ્લાદેશને છ વિકેટથી હરાવ્યું. 140 રનના લક્ષ્યાંકના જવાબમાં, શ્રીલંકાએ 14 ઓવર અને ચાર બોલમાં છ વિકેટ ગુમાવીને મેચ જીતી

લીધી. અગાઉ, પ્રથમ બેટિંગ કરતા બાંગ્લાદેશે નિર્ધારિત વીસ ઓવરમાં પાંચ વિકેટે **139** રન બનાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IMD WEATHER

હવામાન વિભાગે આજે બિહાર, પશ્ચિમ બંગાળ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, ગોવા અને સિક્કિમમાં ઘણી જગ્યાએ મુશળધાર વરસાદની આગાહી કરી છે.

વિભાગે આવતીકાલ સુધી ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ઉત્તર કર્ણાટકના આંતરિક ભાગો, ઓડિશા અને તેલંગાણામાં ભારે વરસાદની આગાહી કરી છે. આગામી **2-3** દિવસમાં જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદ અને તેલંગાણામાં વાવાઝોડા અને વીજળી પડવાની શક્યતા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .